# NHS COVID-19 એપ ડાઉનલોડ કરવા માટે એન્ડ્રોઇડ માર્ગદર્શિકા

GIG CYMRU NHS WALES | Profi Olrhain Diogelu | Test Trace Protect

NHS Test and Trace




તમારો ફોન અનલોક કરો. "પ્લે સ્ટોર" નામની એપ્લીકેશન શોધવા માટે તમારા ફોનમાં સ્ક્રોલ કરો. એપ્લીકેશન ઉપરની ઇમેજ જેવી દેખાય છે. તેને શરૂ કરવા માટે તેના પર ટેપ કરો.




સ્ક્રીનની ઉપર તમે એક શોધ બોક્સ જોઈ શકો છો "એપ્લિકેશન્સ અને રમતો માટે શોધો". આ શોધ બોક્સ પર ટેપ કરો.




"NHS COVID-19" ટાઇપ કરો. શોધ બોક્સની નીચે તમે પરિણામોની સૂચિ જોશો. "NHSCOVID-19" નામના પરિણામ પર ટેપ કરો.




તમારી સ્ક્રીન પર તમે હવે NHS COVID-19 એપની વિગતો જોઈ શકો છો. "ઇન્સ્ટોલ કરો" બટન પર ટેપ કરો.




જો આ કામ નથી કરતું, તો માર્ગદર્શન માટે NHS COVID-19 એપ **www.covid19.nhs.uk** "Trouble-shooting" ની મુલાકાત લો.




હવે તે બ્લૂટૂથ ચાલુ કરવાનો સમય છે જેથી એપ્લીકેશન કામ કરી શકે. આમ કરવા માટે, પ્રથમ "સેટિંગ્સ" એપ્લીકેશન શોધો અને તેના પર ટેપ કરો.




તમારા ફોનનાં મોડેલને આધારે "કનેક્ટેડ ઉપકરણો" અથવા "કનેક્શન્સ" શોધવા માટે સૂચિને નીચે સ્ક્રોલ કરો અને તેના પર ટેપ કરો.




પછી, સૂચિ નીચે સ્ક્રોલ કરો. કાં તો "કનેક્ટેડ પ્રેફરન્સીસ" અથવા "બ્લૂટૂથ" અને તેના પર ટેપ કરો.

24 સપ્ટેમ્બર 2020 ના રોજ મુજબ આ દસ્તાવેજની બધી માહિતી અને ફોટા સાચા છે. નવીનતમ માહિતી માટે **www.covid19.nhs.uk** પર જાઓ

# NHS COVID-19 એપ ડાઉનલોડ કરવા માટે એન્ડ્રોઇડ માર્ગદર્શિકા

GIG CYMRU NHS WALES | Profi Olrhain Diogelu | Test Trace Protect

NHS Test and Trace




જો તમે છેલ્લા પગલામાં "કનેક્ટેડ પ્રેફરન્સીસ" ટેપ કર્યુ છે, તો હવે "બ્લૂટૂથ" શોધો અને તેના પર ટેપ કરો. જો તમે બ્લુટૂથ પર ટેપ કર્યુ છે, તો તમારે આ વધારાના પગલાની જરૂર નહીં રહે.




જમણી બાજુ સ્લાઇડર પર ટેપ કરીને બ્લૂટૂથ ચાલુ કરો. જો સ્લાઇડરનો કલર બદલાય છે તો તમે જોઈ શકો છો કે તે ચાલુ છે.




તમારા હોમ બટનને દબાવો અથવા તમારા ફોનની હોમ-સ્ક્રીન પર પાછા આવવા માટે સ્વાઇપ કરો જ્યાં તમે તમારી બધી એપ્લીકેશન જોઈ શકો છો. NHS COVID-19 એપ શોધો અને તેને ચાલુ કરવા તેના પર ટેપ કરો.




એપ્લિકેશનને સેટ કરવાનાં પગલાંને અનુસરો. આમાં "એક્સપોઝર લોગીંગ" ને મંજૂરી આપવાનો સમાવેશ થાય છે જેનો ઉપયોગ તમને જોખમ છે કે નહીં તે ઓળખવા માટે થાય છે.




જ્યારે તમે સેટ-અપ પૂર્ણ કરી લો છો, ત્યારે તમારી NHS COVID-19 એપ ચાલુ થઈ જશે.




તમે તમારા ફોનનો સામાન્યરૂપે ઉપયોગ કરી શકો છો, જો કે તે સુનિશ્ચિત કરો કે એપ્લીકેશન બેકગ્રાઉન્ડમાં ચાલુ રહે અને બ્લૂટૂથ ચાલુ રહે. એપ્લિકેશન તમારા લોકેશનને ટ્રેક નહીં કરે.